Friday
06.06.2025
✳Volume :9 ✳ Issue No.323
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

## પ્રધાનમંત્રીએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને સિંદૂરનો છોડ વાવ્યો



કમલમ્,

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસનિમિત્તે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને સિંદૂરનો છોડ વાવ્યો છે. આ છોડ તેમને ગુજરાતના કચ્છની બહાદુર માતાઓઅને બહેનોએ ભેટમાં આપ્યો હતો. જેમણે ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન અસાધારણ હિંમત અને દેશભક્તિ દર્શાવી હતી. ગુજરાતની તેમની તાજેતરની મુલાકાતને યાદ કરતાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે સિંદૂરનો છોડ આપણા દેશની નારીશક્તિની બહાદુરીઅને પ્રેરણાનું મજબૂત પ્રતીક બની રહેશે. એક X પોસ્ટમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું; "૧૯૭૧ના યુદ્ધમાં હિંમત અને બહાદુરીનું અદ્ભુત ઉદાહરણ રજૂ કરનાર કચ્છની બહાદુર માતાઓ અને બહેનોએ તાજેતરમાં ગુજરાતની મારી મુલાકાત દરમિયાન મને સિંદૂરનો છોડ ભેટમાં આપ્યો હતો. આજે, વિશ્વ પર્યાવરણ દિવસે મને નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નિવાસસ્થાને તે છોડ રોપવાનું સૌભાગ્ય મળ્યું છે. આ છોડ આપણા દેશની મહિલાશક્તિની બહાદુરીઅને પ્રેરણાનું મજબૂત પ્રતીક રહેશે"

# પ્રધાનમંત્રીએ દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્કમાં એક છોડ રોપ્યો, એક પેડ મા કે નામ પહેલને પ્રોત્સાહન આપ્યું અને અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ દ્વારા અરવલ્લી પર્વતમાળાને ફરી વનીકરણ કરવાનો સંકલ્પ લીધો




કમલમ્,

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્કમાં વૃક્ષારોપણ ઝુંબેશમાં ભાગ લીધો અને એક પેડ મા કે નામ પહેલને પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી મોદીએ અરવલ્લીગ્રીન વોલપ્રોજેક્ટ હેઠળ અરવલ્લીપર્વતમાળાઓમાં ફરીથી વનીકરણના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે અરવલ્લી વિશ્વની સૌથી જૂની પર્વતમાળાઓમાંની એક છે, જે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં વિસ્તરેલી છે. તેમણે ભાર મૂક્યો કે આ પ્રદેશ સામે અનેક પર્યાવરણીય પડકારો છે, જેનો સામનો કરવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. શ્રી મોદીએ કહ્યું કે અરવલ્લી પર્વતમાળા અને તેનાથી આગળના વિસ્તારોમાં પરંપરાગત વાવેતર પદ્ધતિઓ ઉપરાંત અમે નવી તકનીકોને પ્રોત્સાહન આપીશું, ખાસકરીને શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં જ્યાં જગ્યાની અછત છે. શ્રી મોદીએ વધુમાં કહ્યું કે માય લાઈફ પોર્ટલ પર વૃક્ષારોપણ પ્રવૃત્તિઓને જીઓ-ટેગ કરવામાં આવશે અને તેનું નિરીક્ષણ કરવામાં આવશે. પ્રધાનમંત્રીએ દેશના યુવાનોને આ ચળવળમાં સક્રિયપણે ભાગ લેવા અને ગ્રહના હરિયાળા આવરણને વધારવામાં યોગદાન આપવા પણ વિનંતી કરી. ઠ થ્રેડમાં, પ્રધાનમંત્રીએ કહ્યું; "આજે #WorldEnvironmentDay પર અમે #EkPedMaaKeNaam પહેલને એક ખાસ વૃક્ષારોપણ અભિયાન સાથે મજબૂત બનાવી. મેં દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્કમાં એક વૃક્ષ વાવ્યું. આ અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટનો પણ એક ભાગ છે. જેનાથી અરવલ્લી પર્વતમાળાને ફરીથી વનીકરણ કરવાનો અમારો પ્રયાસ છે. એ વાત જાણીતી છે કે અરવલ્લી પર્વતમાળા આપણા ગ્રહ પરની સૌથી જૂની પર્વતમાળાઓમાંની એક છે, જે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીને આવરી લે છે. વર્ષોથી, આ પર્વતમાળા સાથે સંકળાયેલા અનેક પર્યાવરણીય પડકારો ઉભા થયા છે, જેને ઘટાડવા માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે. અમારું ધ્યાન આ પર્વતમાળા સાથે જોડાયેલા વિસ્તારોને પુનર્જીવિત કરવા પર છે. અમે સંબંધિત સ્થાનિક વહીવટીતંત્રો સાથે નજીકથી કામ કરવા જઈ રહ્યા છીએ અને પાણીની વ્યવસ્થા સુધારવા, ધૂળના તોફાનોને રોકવા, થાર રણના પૂર્વ તરફના વિસ્તરણને રોકવા અને અન્ય બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરીશું." "અરવલ્લી પર્વતમાળા અને તેનાથી આગળ, પરંપરાગત વાવેતર પદ્ધતિઓ ઉપરાંત અમે ખાસ કરીને શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં, જ્યાં જગ્યાની મર્યાદા છે ત્યાં નવી તકનીકોને પ્રોત્સાહન આપીશું. વૃક્ષારોપણની પ્રવૃત્તિઓને જીઓ-ટેગ કરવામાં આવશે અને માય લાઈફ પોર્ટલ પર દેખરેખ રાખવામાં આવશે. હું આપણા દેશના યુવાનોને આ ચળવળમાં ભાગ લેવા અને આપણા ગ્રહના હરિત આવરણમાં યોગદાન આપવા માટે આહ્વાન કરું છું."

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ ૨.૦' અંતર્ગત માતૃવન વનકવચ નિર્માણનો ગાંધીનગરના સચિવાલય સંકુલ પ્રાંગણમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કરાવ્યો.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પર્યાવરણ સુરક્ષા સાથેના વિકાસનો વિચાર ધરાતલ પર ઉતારવાના અને ભવિષ્યના પડકારોના સામના માટે અત્યારથી જ સજ્જતાના સંકલ્પો સાથે આગળ વધી રહ્યા છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- **વડાપ્રધાનશ્રીએ પ્લાસ્ટિક પ્રદૂષણથી મુકિત અને મિશન લાઈફ દ્વારા રોજબરોજના જીવનમાં પર્યાવરણ રક્ષાની પ્રેરણા આપી છે.**
- **સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે વેપાર-ઉદ્યોગોને પર્યાવરણ જાળવણી સાથે સાંકળીને પર્યાવરણ સંચયની દિશા આપી છે.**





### સમગ્ર સચિવાલય પરિસરમાં ૧૬ હજાર વૃક્ષોના વાવેતરથી માતૃવન વનકવચ બનાવવામાં આવશે





કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ પાંચમી જૂને 'એક પેડ માં કે નામ ૨.૦' અંતર્ગત ગાંધીનગરમાં સચિવાલય સંકુલના પટાંગણમાં માતૃવન વનકવચ નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૪ના વિશ્વ પર્યાવરણ દિવસે દેશવાસીઓને 'એક પેડમાં કે નામ' અભિયાનમાં જોડાઈને પોતાની માતાના નામે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવીને ધરતીમાતાને હરિયાળી બનાવવાનું આહવાન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ગુજરાતે આ અભિયાનમાં ૧૭.૪૮ કરોડ રોપાઓના વાવેતર સાથે દેશભરમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસથી 'એક પેડ મા કે નામ ૨.૦' અભિયાનની શરૂઆત થઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં આ અભિયાનનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભવિષ્યમાં આવનારા પર્યાવરણના પડકારોના નિવારણનું આગવું વિઝન પર્યાવરણ સુરક્ષા સાથેના વિકાસને ધરાતલ પર ઉતારવાના સંકલ્પો સાથે આપણને આપ્યું છે. તેમણે 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનને વેગવાન બનાવીને દેશવાસીઓને પર્યાવરણ જતન-સંવર્ધનમાં જોડ્યા છે અને આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસથી 'પ્લાસ્ટિક પ્રદૂષણ મુક્ત ભારત-ગુજરાત'ની પ્રેરણા આપી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, 'એક પેડ માં કે નામ ૨.૦' અભિયાન અન્વયે સચિવાલય સંકુલમાં સિંદૂરના ૨૦૦ રોપાઓ સાથે ૪ હજાર રોપાઓના માતૃવન વનકવચનો વૃક્ષારોપણથી પ્રારંભ કર્યો છે. સમગ્ર સચિવાલય સંકુલ પરિસરમાં વન વિભાગના સહયોગથી ૧૬ હજાર જેટલા વૃક્ષો સાથેનું માતૃવન વન કવચ બનાવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ મિશન લાઈફ અંતર્ગત આપણા રોજબરોજના જીવનમાં પર્યાવરણ જાળવણીના ઉપાયો અપનાવીને પર્યાવરણના જતન-સંવર્ધન માટેનો પર્યાવરણ પ્રિય વિચાર આપ્યો છે. એટલું જ નહિ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે વેપાર-ઉદ્યોગોને પર્યાવરણ સાથે સાંકળીને વડાપ્રધાનશ્રીએ પર્યાવરણ સંચય અને પ્રકૃતિરક્ષાના આપેલા વિચારને અનુસરવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વડાપ્રધાનશ્રીના દરેક સંકલ્પ દરેક અભિયાનની જેમ 'એક પેડ માં કે નામ ૨.૦' અભિયાનમાં પણ લીડ લેશે તેવો વિશ્વાસ કરતા સૌ નાગરિકોને જેમ બને તેમ ગ્રીન કવર વધારવામાં સહયોગી થવા વિશ્વ પર્યાવરણ દિવસે સંકલ્પ લેવાની અપીલ કરી હતી. આ માતૃવન વનકવચના નિર્માણ માટે રોપા વાવેતરના અવસરે વન રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, વન પર્યાવરણ અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર અને અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીઓ, વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તથા સચિવાલયના વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ સહભાગી થયા હતા.

## સ્વચ્છ અને હરિયાળી શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવા માટે પ્રધાનમંત્રીએ દિલ્હીમાં ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી આપી



કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સતત વિકાસ અને સ્વચ્છ શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવાના હેતુથી દિલ્હીસરકારની પહેલના ભાગ રૂપે ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી આપી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ પહેલ સ્વચ્છ અને હરિયાળી દિલ્હીના નિર્માણમાં ફાળો આપશે. તેમણે વધુમાં ઉમેર્યું કે આ પગલું દિલ્હીના લોકો માટે 'જીવનની સરળતા'માં પણ સુધારો કરશે. પ્રધાનમંત્રીએ ઠ પર પોસ્ટ કર્યું; "સ્વચ્છ અને હરિયાળી દિલ્હીનું નિર્માણ! સતત વિકાસ અને સ્વચ્છ શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન આપવાના હેતુથી દિલ્હી સરકારની પહેલના ભાગ રૂપે ઈલેક્ટ્રિક બસોને લીલી ઝંડી આપી. વધુમાં, આ દિલ્હીના લોકો માટે 'જીવનની સરળતા'માં પણ સુધારો કરશે."

